શ્રીહરિરાય મહાપ્રભુ વિરચિત

‘પ્રભાતાષ્ટકમ્’ તથા
‘ભગવચ્ચરણચિહ્ન’

(અનુવાદ – ગો.વા.શ્રીકાશીરામ કરશનજી શાસ્ત્રી–માંગરોલ
‘શ્રીહરિરાયવાંગ્મુક્તાવલી’ ભાગ–૨ માંથી સાભાર–ઉદ્ધૃત)

—: પ્રકાશક :—
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ– વડોદરા.

નવા પ્રકાશન માટે તૈયાર પુસ્તકો

અમારા ટ્રસ્ટ પાસે હાલ પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે કે જેના પ્રકાશન ખર્ચની રકમની વ્યવસ્થા બેસતાં પ્રકાશન માટે મોકલી અપાશે. પુસ્તકોના પ્રકાશનનો અંદાજી ખર્ચ નીચે જણાવેલ વિગતે છે. આમાં જે પણ વૈષ્ણવો ઉદારતાથી દ્રવ્યસહાય કરવા માંગતા હોય તે કરી શકે છે. આમાં કોઈ એક પુસ્તકનો ખર્ચ કોઈ એક વ્યક્તિ પણ ઉઠાવી શકે છે અને જો એકથી પહોંચાતું ન હોય તો બીજા બે કે ત્રણ વ્યક્તિઓ મળીને પણ ઉઠાવી શકે છે. પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે તેના ખર્ચની અંદાજી રકમ સહ વિગત :-

પુસ્તકનું નામ	લેખક	ભાષા	અંદાજી ખર્ચ
(૧) જલભેદ દર્શન-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૩૦,૦૦૦
(૨) સિદ્ધાન્ત રહસ્ય દર્શન ભાગ-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૪૫,૦૦૦
(૩) શ્રીમદ્ભગવદ્ગીતા ભક્તિયોગ (બારમો અ.)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૪) બ્રહ્મસમ્બન્ધ અથવા આત્મનિવેદન	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૨,૦૦૦
(૫) શ્રીવલ્લભ વચનામૃત સંગ્રહ	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૫,૦૦૦
(૬) બ્રહ્મસમ્બન્ધ (બ્રહ્મસમ્બન્ધ અંગેના પ્રશ્નો અને તેના ઉત્તરો)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૮,૦૦૦
(૭) શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ કૃત-‘ન્યાસાદેશ’ વિવરણ	અનુવાદ- ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૦,૦૦૦
(૮) શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી-શ્રીવિઠ્ઠેશ્વરજી	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૦૮,૦૦૦

પુષ્ટિમાર્ગીય વિષયો પર પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના થતા પ્રવચનો તથા શિબિર વિષયોની તૈયાર સી.ડી.(એમ.પી.૩) ની યાદી

	વિષય	સ્થળ	સી.ડી.નં.	ન્યોછાવર
૧)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૧	ગોવર્ધન શિબિર	૩	૬૦
૨)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૨+પ્રોટોકોલ	તિથલ શિબિર	૩+૧	૮૦
૩)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૩+પ્રોટોકોલ	લોનાવાલા શિબિર	૩+૧	૮૦
૪)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૪	તિરૂપતિ શિબિર	૩	૬૦
૫)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૫	જયપુર શિબિર	૨	૪૦
૬)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૬	દેવલાલી શિબિર	૧	૨૦
૭)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૭	જગન્નાથપુરી શિ.	૨	૪૦
૮)	ન્યાસાદેશ ભાગ-૧	રાજકોટ શિબિર	૩	૬૦
૯)	ન્યાસાદેશ ભાગ-૨	સિહોર શિબિર	૨	૪૦
૧૦)	ન્યાસાદેશ ભાગ-૩-૪	આણંદ શિબિર	૩	૬૦
૧૧)	ન્યાસાદેશ ભાગ-૫	ભાવનગર શિબિર	૨	૪૦
૧૨)	એકાદશ સ્કન્ધ ભાગ-૧ થી ૭	વડોદરા શિબિર	૧૩	૨૬૦
૧૩)	ભક્તિવર્ધિની ભાગ-૧	જતિપુરા શિબિર	૧	૨૦
૧૪)	ભક્તિવર્ધિની ભાગ-૨	વજ્રેશ્વરી શિબિર	૨	૪૦
૧૫)	ભક્તિવર્ધિની ભાગ-૩	વડોદરા શિબિર	૨	૪૦
૧૬)	ભક્તિવર્ધિની ભાગ-૪	જેસલમેર શિબિર	૨	૪૦
૧૭)	ભક્તિવર્ધિની ભાગ-૫	રામેશ્વર શિબિર	૧	૨૦
૧૮)	વિરહ ચતુઃશ્લોકી	વડોદરા પ્રવચન	૨	૪૦
૧૯)	સિદ્ધાન્તમુક્તાવલી	સુરત-શિબિર	૧	૨૦
૨૦)	યમુનાષ્ટક ૧-૨-૩-૪	મુંબઇ પ્રવચન	૯	૧૮૦
૨૧)	વિવેકધૈર્યાશ્રય	મુંબઇ પ્રવચન	૮	૧૬૦
૨૨)	ભક્તિવર્દ્ધિની	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૩)	નિરોધલક્ષણ	વડોદરા ક્લાસ	૨	૪૦
૨૪)	રાસપંચાધ્યાયી	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૫)	ગોપીગીત	મુંબઇ પ્રવચન	૨	૪૦
૨૬)	દાનલીલા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૭)	યુગલગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૮)	ભ્રમરગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૯)	સિદ્ધાન્ત રહસ્ય	મુંબઇ પ્રવચન	૨	૪૦
૩૦)	નિરોધલક્ષણ	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૩૧)	ભક્તિયોગ	કલકત્તા પ્રવચન	૧	૨૦
૩૨)	કીર્તન-ભાવાર્થ શિબિર -૧- ૨-૩	અમદાવાદ શિબિર	૬	૧૨૦
૩૩)	સાધના સોપાન,સર્વોત્તમ સ્તોત્ર	ચમ્પારણ્ય શિબિર	૫	૧૦૦
૩૪)	સેવાફલ	વડોદરા ક્લાસ	૫	૧૦૦
૩૫)	સિદ્ધાન્ત રહસ્ય	કલકત્તા શિબિર	૨	૪૦
૩૬)	ગીતા-૧૭, જલભેદ, પુષ્ટિવિવેક	બાળ-શિબિર-૩	૨	૪૦
૩૭)	ગીતા-૧૬, સંન્યાસનિર્ણય,	બાળ-શિબિર-૪	૧	૨૦
૩૮)	પુષ્ટિપ્રવાહમર્યાદા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૩૯)	ભક્તિહંસ	બેંગલોર શિબિર	૩	૬૦
૪૦)	સંન્યાસનિર્ણય	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૪૧)	ષોડશગ્રન્થ-ઉચ્ચારણશુદ્ધિ સાથે	વિંશતિ ગ્રન્થાઃ	૧	૨૦
૪૨)	શ્રીમદ્ભગવદ્ગીતા	એમ.એસ.યુ.-વડો.	૧	૨૦
૪૩)	વેણુગીત	બેંગ્લોર ક્લાસ	૧	૨૦
૪૪)	ભક્તિહંસ -૧-૨-૩-૪-૫	વડોદરા શિબિર	૬	૧૨૦
૪૫)	વેણુગીત	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૬)	ગીતા-૧૪,શિક્ષાઃશ્લોકા,અણુભાષ્ય	બાળ-શિબિર-૫	૧	૨૦
૪૭)	ચતુઃશ્લોકી	વડોદરા ક્લાસ	૪	૨૦
૪૮)	પુષ્ટિમાર્ગ લક્ષણાનિ	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૯)	અષ્ટાંગયોગ અને સેવાયોગ	વડોદરા શિબિર	૧	૨૦
૫૦)	પ્રોટોકોલ્સ, અષ્ટાંગયોગ, અવધૂતાખ્યાન	બાળ-શિબિર-૬	૧	૨૦
૫૧)	અંતઃકરણપ્રબોધ	વડોદરા ક્લાસ	૨	૪૦
૫૨)	ભક્તિવર્દ્ધિની	જૂનાગઢ શિબિર	૨	૪૦
૫૩)	વેણુગીત-૨	રાજકોટ ક્લાસ	૧	૨૦

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

(અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ)

શ્રીહરિરાય મહાપ્રભુ વિરચિત

'પ્રભાતાષ્ટકમ્' તથા
'ભગવચ્ચરણચિહ્નવર્ણનમ્'

(અનુવાદ – ગો.વા.શ્રીકાશીરામ કરશનજી શાસ્ત્રી–માંગરોલ
'શ્રીહરિરાયવાંગ્મુક્તાવલી' ભાગ–૨ માંથી સાભાર–ઉદ્ધૃત)

આ પ્રકાશનમાં દ્રવ્ય સહાયકર્તા -

કુ.સ્વાતિબેન જતીનભાઈ મોદી-મહેસાણા (મો.૯૧૭૩૯૩૪૬૬૪)
ના સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રકાશક
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
'શ્રીરાધાકૃષ્ણકુંજ' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal@gmail.com**

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
C/o. શ્રીચુનીભાઈ જી.શાહ, કૃષ્ણકાન્તભાઈ ટી.શાહ, વિનોદભાઈ એન.શાહ
''શ્રીરાધાકૃષ્ણકુંજ'' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી,એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૮, ચૈત્ર સુદ, ઈ.સ. માર્ચ-૨૦૧૨

પ્રત - ૧૦૦૦

ન્યોછાવર - રૂા. ૫-૦૦

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી શ્રીહરિરાયચરણ વિરચિત બે લઘુગ્રન્થો **‘શ્રીપ્રભાતાષ્ટકમ્’** તથા **‘શ્રીભગવચ્ચરણ ચિહ્નવર્ણનમ્’** બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહ્યો છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, વર્ષ ૧૩ થી ૧૮, વર્ષ ૧૯ થી ૨૫ અને વર્ષ ૨૬ થી ૪૦ તથા ૪૦ થી ઉપર વયસ્કોની વયના બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા જૂનાગઢ મુકામે (૧૭ મે થી ૨૩ મે ૨૦૧૨) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અધ્યયન પુસ્તિકા અપેક્ષિત હતી તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રકટ થઈ રહ્યું છે.

આ પ્રકાશનનાં કાર્યમાં મહેસાણાના કુ.સ્વાતિબેન જતીનભાઈ મોદી કે જેઓ પ્રાયઃ કરીને આ શિબિરમાં પ્રતિવર્ષ ઉપસ્થિત રહી અધ્યયનનો લાભ લે છે તેમણે ઉદારતાથી શ્રીમહાપ્રભુજીની વાણીની સેવામાં દ્રવ્યવિનિમય કર્યો છે તે બદલ તેમને અનેકશઃ ધન્યવાદો

ગુજરાતી વિ.સં.૨૦૬૮,
ચૈત્ર વદ-૧૧, **શ્રીવલ્લભાચાર્ય ચરણ પ્રાદુર્ભાવ મહોત્સવ,** સોમવાર
૧૬-૪-૨૦૧૨-વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.



अथ श्रीहरिरायमहाप्रभु विरचितम्

प्रभाताष्टकम् ।

(અનુવાદ - ગો.વા.શ્રીકાશીરામ કરશનજી શાસ્ત્રી-માંગરોલ
'શ્રીહરિરાયવાંગ્મુક્તાવલી' ભાગ-૨ માંથી સાભાર-ઉદ્ધૃત)

(વસંતતિલકા)

उत्फुल्लतामगमदम्बुजमण्डजानां
यूथं विरौति, शिशिरः पवनोऽपि वाति ।
मथ्नन्ति गोपवनिता दधि, मङ्गलानि
गायन्ति, तानि शृणु गोकुलरम्भणं च ॥ १ ॥

અનુવાદ - (માતા યશોદાજી બાલક શ્રીકૃષ્ણચંદ્રજીને પ્રાતઃકાલમાં જાગૃત કરતાં સ્તુતિ કરે છે કે :-) કમલ ખીલી ઊઠ્યા છે, પંખીયોનાં વૃંદોએ કલરવ કરી મૂક્યો છે, શીતળ પવન વાઇ રહ્યો છે, ગોપાંગનાઓ દહીં વલોવી રહી છે અને મંગલ ગીતો ગાઇ રહી છે, તે સાંભળ, અને આ ગાયોનાં ધણ ભાંભરે છે, તે સાંભળ. ॥ ૧ ॥

उत्तिष्ठ बाल, तव बालकमण्डलीयं ।
त्वामाह्वयत्यखिलवीथिषु खेलनाय ।
हैयङ्गवं दधि पयःसरमुत्तमान्नं
स्वीकृत्य याहि निजगोकुलचारणाय ॥ २ ॥

અનુવાદ - હે બાળક ! તું ઊભો થા, આ તારા બાળકોની મંડલી તને બધી શેરીઓમાં રમવાને માટે બોલાવી રહી છે. માખણ, દહીં, કઢિયલ દૂધ અને આ લાડુ આરોગી આપણી ગાયોનાં ધણ ચારવાને માટે જા. ॥ ૨ ॥

वेणुं करेण परिगृह्य, निजं वसित्वा
पीताम्बरं, लकुटिकां विनिधाय कक्षे ।
याहि स्वगोकुलयुतो विपिनं, सिताया
उत्सङ्गसङ्गिवसने शकलानि धृत्वा ॥ ३ ॥

અનુવાદ - હાથે બંસી ગ્રહી, તારું પીતાંબર પહેરી, કુખમાં ગેડી રાખી અને ખોળાની ખોમાં સાકરના ગાંગડા લઇ આપણી ગાયોનાં ધણ સાથે તું વૃંદાવનમાં જા. ॥ ૩ ॥

उच्छ्वासमुन्नतसुनासिकमम्बुजाक्षं
वक्रं विशोधय, दृशौ विशदीविधेहि ।
कूजन्ति कोकिलगणा मधुरस्वरेण,
भित्तौ दिवाकरकराः प्रसृतीभवन्ति ॥ ४ ॥

અનુવાદ - ઊંચા શ્વાસ લેતું, ઊંચી સુંદર નાસિકાવાળું આ તારું મુખ સાફ કર અને આંખો ઊઘાડ. આ કોયલના વૃંદ મધુરે સ્વરે ટહુકા કરી રહ્યાં છે અને સામે દિવાલ ઉપર સૂરજનાં કિરણ પથરાઈ રહેલાં છે. ॥ ૪ ॥

गोपीजना अपि निरीक्षितुमाननं ते
भूयो विभाव्य हृदये विकलीभवन्ति ।
उद्यद्विधूपममुखं प्रकटं विधाय
तेषां मनोरथचयः परिपूरणीयः ॥ ४ ॥

અનુવાદ - આ ગોપાંગનાઓ પણ તારું મુખ જોવાને માટે આવી છે, તે વારંવાર ઊંચીનીચી થાય છે અને તેઓના હૈયામાં કાંઇનું કાંઇ થઇ જાય છે. ઊગતા ચંદ્રના જેવું તારું મુખ ઊઘાડી તેઓના મનનો મનોરથ પૂરો કર ॥ ૫ ॥

तातस्य तातसदनं वदनं प्रकाश्य
सप्रेम लोचनयुगं च विरोचनीयम् ।
नित्यं विलोकितमथो नवतामुपैति
चित्रं तवाननसरोजमिदं दधाति ॥ ६ ॥

અનુવાદ - તારા પિતાને જીવવાના સ્થાનરૂપ એવું તારું મુખ તારા પિતાને બતાવી પ્રેમસહિત તારા બંને નેત્રને શોભાવવાનાં છે. તારા મુખકમલને નિત્યનિત્ય જોવામાં આવે છે, છતાં તે દરરોજ નવું અને નવું જણાય છે. ખરેખર આ તારું મુખકમલ દરરોજ અચરજ જ ધારણ કરે છે. ॥ ૬ ॥

कार्यं विहाय सकलं भवतश्च बोध–

सम्पादनाय तव सन्निधिमागताहम् ।
त्वद्वक्त्रपद्ममथ दर्शय यामिनीज–
सन्तापभारहरणाय हरे जनन्याः ॥ ७ ॥

અનુવાદ - બધાં કામકાજ છોડીને તને જગાડવાને માટે હું તારી પાસે આવી છું. હે હરિ ! તારી માતાનો રાત્રિને લીધે ઉત્પન્ન થયેલો બોજો દૂર કરવા માટે તારું મુખકમલ મને બતાવ. ॥ ૭ ॥

आगच्छ गोकुलजनाधिकभाग्यहेतु–
स्वीयावतारकृतितारितविश्व विष्णो ।
उत्सङ्गमम्बुजकरद्वययोगिकण्ठे
लग्नं विधेहि सकलं ललितं स्वरूपम् ॥ ८ ॥

અનુવાદ - ગોકુલવાસીઓના અધિક ભાગ્યને કારણે લીધેલા પોતાના અવતરણથી જેણે વિશ્વને તાર્યું છે, તેવા હે વિષ્ણુ! તું મારા ખોળામાં આવ અને તારા કમળ જેવા હાથથી વળગવામાં આવેલા મારા કંઠમાં તારા સમગ્ર લલિત સ્વરૂપને લાગેલું કર. ॥ ૮ ॥

इति श्रीनिजदास(श्रीहरिराय)विरचितं प्रभाताष्टकं सम्पूर्णम् ।

* * *

अथ श्रीहरिरायमहाप्रभु विरचितम्

॥ भगवच्चरणचिह्नवर्णनम् ॥

(અનુવાદ - ગો.વા.શ્રીકાશીરામ કરશનજી શાસ્ત્રી-માંગરોલ
'શ્રીહરિરાયવાંગ્‌મુક્તાવલી' ભાગ-૨ માંથી સાભાર-ઉદ્ધૃત)

(અનુષ્ટુભ્ છન્દ)
प्रणम्य ब्रह्मरुद्रादिवन्दनीयपदाम्बुजम् ।
वर्णये पदचिह्नानि सदनानि शुभाशिषाम् ॥ १ ॥

અનુવાદ - બ્રહ્મા, રુદ્ર વગેરેથી નમન કરવા લાયક ચરણકમલ-વાળા શ્રીકૃષ્ણચંદ્રજીને પ્રણામ કરી શુભાશીર્વાદનાં ધામરૂપ એવાં પ્રભુનાં ચરણકમલનાં ચિહ્નોનું હું વર્ણન કરું છું. ॥ ૧ ॥

(ઉપગીતિ)
यद्ध्यानाच्चेतोऽपि [1]सद्यः षोडशकलं भवति ।
नखपूर्णचन्द्रतायै तानि च षोडशकसङ्ख्यानि ॥ २ ॥

અનુવાદ - જે ચરણચિહ્નોનાં ધ્યાનથી ચિત્ત પણ ષોડશકલા-વાળું (ખીલેલું) થાય છે, નખચંદ્રની પૂર્ણતા માટે તે પદચિહ્નો પણ સોળ છે. ॥ ૨ ॥

दक्षिणवामपदद्वयचिह्नानां चिन्तनाद्भवति ।
दाक्षिण्यं, [2]काम्यं तत्स्वरूपसम्प्राप्तये नृणाम् ॥ ३ ॥

१- षोडशकलमञ्जसा भवति । २- वाम्यम् ।

અનુવાદ - પ્રભુનાં જમણા અને ડાબા ચરણકમલમાંનાં ચિહ્નોના ચિંતનથી ચતુરાઇ પ્રાપ્ત થાય છે. મનુષ્યોને પ્રભુનાં સ્વરૂપની પ્રાપ્તિને માટે આ ચરણ ઈષ્ટ છે. ॥ ૩ ॥

क्रमशः साभिप्रायं प्रत्येकं तानि चिह्नानि ।
भावुकसन्तोषार्थं निरूपयिष्ये यथाबुद्धिः ॥ ४ ॥

અનુવાદ - ભાવિકોને સંતોષ થાય, એ માટે મારી બુદ્ધિ પ્રમાણે હું તે પ્રત્યેક ચિહ્નનું તેની ભાવનાની સમજૂતી સાથે નિરૂપણ કરીશ. ॥ ૪ ॥

ब्रह्मादिदुर्गमे मे प्रभवति बुद्धिः कथं वक्तुम् ।
कृपया सर्वमशक्यं साधयितुं शक्यते दासैः ॥ ५ ॥

અનુવાદ - જેનું બ્રહ્માદિકને પણ જ્ઞાન મુશ્કેલ છે, તેવાં તે ચિહ્નોનું વર્ણન કરવાને મારી બુદ્ધિ કેમ હામ ભીડે છે ? પ્રભુની કૃપા વડે કરીને, જે કાંઇ સર્વ અશક્ય હોય તે પણ સાધવાને સેવકો શક્તિમાન થાય છે. ॥ ૫ ॥

निर्भयसततस्थितये भक्तानां ज्ञापनायापि ।
धारयति ध्वजचिह्नं सर्वोपरि विद्यमानत्वात् ॥ ६ ॥

અનુવાદ - ભક્તો હમેશાં નિર્ભય થઇ રહે અને તેઓને જ્ઞાન થાય એ હેતુથી અને એ ચિહ્ન બધાં ચિહ્નોમાં સર્વોપરી હોવાથી પ્રભુ ચરણમાં ધ્વજાનું ચિહ્ન ધારણ કરે છે. ॥ ૬ ॥

यत्रानुग्रहवान्स तत्सम्मुखमेतदायाति ।
इति विज्ञातुं ध्वजमिह धत्ते, विमुखे सदा विमुखम् ॥ ७ ॥

અનુવાદ - પ્રભુનો જેના ઉપર અનુગ્રહ હોય, તેવા જ ભક્ત સન્મુખ ચરણ ચાલી આવે છે, એમ જણાવવાને ચરણમાં ધ્વજાનું ચિહ્ન પ્રભુ ધારણ

કરે છે. જેઓ વિમુખ હોય છે, તેને આ ચરણ પણ વિમુખ જ હોય છે. ॥૭॥

एतच्चिन्तय चेतो मत्तगजस्यान्यथागमनम् ।
न भवति कदाचिदथवा तथाविधोऽस्त्यङ्कुशस्तत्र ॥ ८ ॥

અનુવાદ - હે ચિત્ત ! આ વિચાર - મત્તહાથીને ઊલટી દિશાએ જવાનું કદી થતું નથી, અથવા તો જેમ અંકુશથી કાબૂમાં આવે છે, તેમ આવો ભક્ત આ ધ્વજ ચિહ્નથી કાબૂમાં રહે છે. ॥૮ ॥

स्वयमङ्कुशमपि वक्रं वक्रमनोवारणे शक्तम् ।
अत एव नैव दण्डादिकमन्यत्तत्र धारयति ॥ ९ ॥

અનુવાદ - અંકુશ પોતે વાંકું હોય છે, છતાં આડા હાથીઓનાં મનને કાબૂમાં લાવવા શક્તિમાન હોય છે, એથી કરીને જ માવતને દંડાદિક બીજું કાંઇ ધારવું પડતું નથી. ॥ ૯ ॥

सजले चक्षुषि हृदि च स्थापयितुं योग्यमेवैतम् ।
चरणमिति प्रत्येतुं चरणे कमलाभिधं चिह्नम् ॥ १० ॥

અનુવાદ - જલવાળા નેત્રમાં તેમજ હૃદયમાં ચરણ સ્થાપન કરાય તેવું છે, તેવું બતાવવાને માટે ચરણમાં કમલનું ચિહ્ન છે. ॥ ૧૦ ॥

(ઉદ્ગીતિ)
सुखसेव्यत्वसमाख्यासिद्ध्चै वृद्ध्यै तथासक्तेः ।
जातेऽखिलप्रकाशे तद्रसलभ्यत्वसिद्धये जलजम् ॥ ११ ॥

અનુવાદ - અખિલ પ્રકાશ થતાં પ્રભુ સુખસેવ્ય છે, એવું સિદ્ધ કરવાને માટે તેમજ આસક્તિની વૃદ્ધિ થવાને માટે અને ચરણકમલનો રસ પ્રાપ્ય છે, એ વાતની સિદ્ધિ માટે કમલ છે. ॥૧૧ ॥

(આર્યા)
जनविरचितपापानां पर्वतसदृशां निवृत्तये वज्रम् ।
धारयति वज्रसदृशः कठिनहृदश्छेदनायापि ॥ १२ ॥

અનુવાદ - મનુષ્યોનાં પર્વત જેવડાં થયેલાં પાપોની નિવૃત્તિ કરવાને માટે અને કઠિન હૃદયને છેદવા માટે વજ્રના જેવા ચરણે (કે પ્રભુએ) વજ્રનું ચિહ્ન ધારણ કર્યું છે. ॥ ૧૨ ॥

(ઉપગીતિ)
एतच्चिह्नं सततं स्थापयतश्चेतसि प्रायः ।
देवाधिदेवता स्यात्सपदि समस्तेषु चन्द्र इव ॥ १३ ॥

અનુવાદ - હમેશાં આ ચિહ્નને હૃદયમાં સ્થાપિત કરનારાને ચંદ્રની જેમ બધાં જ કાર્યોમાં દેવાધિદેવતા તરત આવી બિરાજે. ॥ ૧૩ ॥

चरणं शिरसि निधाय स्थितस्य नैवास्ति कुत्रापि ।
इह परलोकेऽप्यशुभं स्वस्तिकमित्थं निवेदयति ॥ १४ ॥

અનુવાદ - મસ્તક ઉપર પ્રભુનું ચરણ ધારીને જે રહેલો છે, તેને ક્યાંય પણ-આ લોકમાં અને પરલોકમાં પણ - અશુભ થતું નથી, એવું સાથિયાનું ચિહ્ન જણાવે છે. ॥ ૧૪ ॥

दुःखाभावसुखाभिधपुरुषार्थद्वैतसम्बन्धः ।
सुलभश्चरणानुसरणकर्तुरिति स्वस्तिकं ब्रूते ॥ १५ ॥

અનુવાદ - પ્રભુના ચરણનું અનુસરણ કરનારાને દુઃખનો અભાવ અને સુખરૂપી પુરુષાર્થની પ્રાપ્તિ સુલભ છે, એમ સ્વસ્તિક (સાથિયો) કહે છે. ॥ ૧૫ ॥

(આર્યા)
अष्टविधैश्वर्याप्तौ न कापि चैवास्ति साधनापेक्षा ।
एतच्चिन्तयतस्तन्निरूपयत्यष्टकोणाख्यम् ॥ १६ ॥

અનુવાદ - આ પ્રભુચરણનું ચિંતન કરનારાને આઠ પ્રકારના ઐશ્વર્યની પ્રાપ્તિ કરવામાં બીજા કોઈ પણ સાધનની જરૂર નથી, એવું ચરણમાં રહેલું આ અષ્ટકોણનું ચિહ્ન જણાવે છે. ॥ ૧૬ ॥

(ગીતિ)
अष्टविधैर्भूकोणैर्युक्तं राज्यं न दुर्लभं भवति ।
एतद्धृदि भावयत[1]स्तदष्टकोणाख्यचिह्नतो वेद्यम् ॥ १७ ॥

અનુવાદ - આ પ્રભુચરણનું હૃદયમાં ધ્યાન કરનારાને આઠે પ્રકારના પૃથ્વીના ખૂણાઓવાળું રાજ્ય મળવું મુશ્કેલ નથી, એવું તે ચરણમાંના અષ્ટકોણના ચિહ્નથી સમજવું. ॥ ૧૭ ॥

(આર્યા)
अतिशयितकीर्तिमत्त्वं ख्यापयति स्वस्य धारयंश्चिह्नम् ।
यवसञ्ज्ञं विज्ञानां, [2]यतो हि धान्यैकराजा सः ॥ १८ ॥

અનુવાદ - જવનું ચિહ્ન ધારણ કરતા પ્રભુ પોતાના સૌથી વધુ કીર્તિમાન હોવાપણું પ્રસિદ્ધ કરે છે, એવું બુદ્ધિશાળી પુરુષોને જણાવવા માટે જવનું ચિહ્ન છે, કેમ કે ધાન્યમાત્રના રાજા તે પ્રભુ જ છે. ॥ ૧૮ ॥

(ઉપગીતિ)
श्रौताखिलकृत्यानां साधनसम्पूर्णता चरणात् ।
स्मरणपथारूढादिति यवाङ्कमत्रैव धारयति ॥ १९ ॥

અનુવાદ - ભક્તના સ્મરણ-માર્ગમાં આવી રહેલા ચરણથી વૈદિક સમગ્ર કર્મોનાં સાધન સંપૂર્ણ થાય છે, એ બતાવવા પ્રભુ ચરણમાં જવનું ચિહ્ન ધારણ કરે છે ॥ ૧૯ ॥

एतच्चरणमतीनामधोगतिर्नैव कुत्रापि ।
इति वेदयितुं चरणे बिभर्ति रेखास्तथैवोर्ध्वाः ॥ २० ॥

અનુવાદ - આ શ્રીકૃષ્ણચંદ્રજીના ચરણમાં જેઓની બુદ્ધિ છે, તેવા ભક્તોની ક્યાંય પણ કદી અધોગતિ થતી નથી, એવું બતાવવાને માટે પ્રભુ ચરણમાં ઊભી રેખાનું ચિહ્ન ધારણ કરે છે. ॥ ૨૦ ॥

(ઉદ્‌ગીતિ)
चरणाश्रयणविधातुर्निःश्रेण्यो मोक्षमार्गस्य ।
इति लोके विज्ञातुं सन्ति पदाब्जे तथाविधा रेखाः ॥ २१ ॥

અનુવાદ - પ્રભુના ચરણકમલનો આશ્રય કરવાને એ મોક્ષમાર્ગની નિસરણીઓ છે, એમ લોકમાં જણાવવાને માટે ચરણકમલમાં તેવી ઊભી રેખાઓ છે. ॥ ૨૧ ॥

(ઉપગીતિ)
सरसस्यैव स्थितिरिह न कदाचिन्नीरसस्यापि ।
इति बोधयितुं कलशं बिभर्ति चिह्नं पदाम्भोजे ॥ २२ ॥

અનુવાદ - રસાક્તિ હૃદયવાળાઓની જ પ્રભુના માર્ગમાં સ્થિતિ છે, નીરસની તો ક્યારેય નહીં, એવું બતાવવા માટે ચરણકમલમાં પ્રભુ કલશનું ચિહ્ન ધારણ કરે છે ॥ ૨૨ ॥

---

[1]- एतद् धृति भावयतः । एतद्बुद्धिविभाव्यम् । [2]- यवतो धा॰ ।

एतद्ध्यातुरमङ्गलसम्भावनमेव नैवात्र ।
यत इह चरणे तिष्ठति कलशं लावण्यजलपूर्णम् ॥ २३ ॥

અનુવાદ - આ ચરણકમલનું ધ્યાન કરનારાને અમંગલની સંભાવના જ નથી, આ માટે ચરણમાં સુંદર જલથી પૂર્ણ એવો કલશ બિરાજે છે. ॥ ૨૩॥

(આર્યા)
सुरनरमुनिगणसेवितमिति बोधयितुं स्वसेविलोकस्य ।
गोष्पदनामकचिह्नं वामपदाब्जे वहत्येषः ॥ २४ ॥

અનુવાદ - આ ચરણકમલની સેવા સુર, નર અને મુનિગણે પણ કરી છે, એવું પોતાના સેવકગણને જણાવવાને માટે પ્રભુ વામચરણમાં ગોપદ-ગાયની ખરીનું ચિહ્‌ન ધારણ કરે છે. ॥ ૨૪ ॥

(ઉપગીતિ)
तीर्थैरखिलैरपि या शुद्धिः सम्पादनीयास्ति ।
चरणाम्बुजमाश्रयतां सुलभा सा गोष्पदाब्जे या ॥ २५ ॥

અનુવાદ - બધાં તીર્થોથી પણ જે શુદ્ધિ મેળવવાની હોય છે, તે શુદ્ધિ પ્રભુના ચરણકમલનો આશ્રય કરનારાઓને એ ગોપદવાળા ચરણકમલમાં સુલભ છે. ॥ ૨૫ ॥

(ઉદ્‌ગીતિ)
लौकिकलक्ष्मीफलमपि सुलभं चरणाश्रयादेव ।
इति विज्ञातुं जम्बूफलमिह सौवर्णकारणं वहति ॥ २६ ॥

અનુવાદ - લૌકિક લક્ષ્મીનું ફલ પ્રભુના ચરણકમલના આશ્રયથી જ સુલભ છે, એમ જણાવવાને માટે સોનાની ઉત્પત્તિમાં કારણરૂપ એવા જાંબુના ફળનું ચિહ્‌ન પ્રભુ ચરણકમલમાં ધારે છે. ॥ ૨૬ ॥

(ઉપગીતિ)
सर्वविलक्षणफलवच्चरणं नहि निष्फलं क्वापि ।
इति जम्बूफलमद्भुतचिह्नं चरणं सदा वहति ॥ २७ ॥

અનુવાદ - સર્વ પ્રકારનાં ભિન્ન ભિન્ન લક્ષણવાળાં ફલવાળું ચરણ ક્યાંય પણ નિષ્ફલ નથી, એવું બતાવવાને માટે પ્રભુ સ્વચરણમાં જાંબુના ફળનું અદ્‌ભુત ચિહ્‌ન હમેશાં ધારે છે ॥ ૨૭ ॥

बहुधाध्यातं तिष्ठति चाञ्चल्यात्सन्ततं नैव ।
इति मत्स्याख्यं चिह्नं वामपदाब्जे दधात्येषः ॥ २८ ॥

અનુવાદ - ચરણકમલનું અનેક પ્રકારે ધ્યાન કરવામાં આવે તો તે હૃદયમાં સ્થિતિ કરી રહે, જો ચંચલતા રાખવામાં આવે તો પ્રભુચરણનું ધ્યાન સતત ન રહે, એવું બતાવવાને પ્રભુ વામચરણમાં મત્સ્યનું ચિહ્‌ન ધારણ કરે છે ॥ ૨૮ ॥

यत्र सदा जलवत्त्वं तिष्ठति तत्रैव सर्वदा चैतत् ।
शुष्कत्वे गच्छति पुनरेवं मत्स्यो विबोधयति ॥ २९ ॥

અનુવાદ - જ્યાં પાણી (રસાર્દ્રતા) હોય ત્યાંજ આ ચરણ સદૈવ બિરાજે છે, જ્યાં સૂકવાણ (ભાવરહિતપણું) છે, ત્યાંથી ચાલ્યું જાય છે, એમ આ મત્સ્યનું ચિહ્‌ન જણાવે છે ॥ ૨૯ ॥

(ગીતિ)
स्तब्धजनस्यागम्यं, [1]गम्यं नम्रस्य सर्वथा चैतत् ।
अत एव चिह्नमेतद् धनुराख्यं पादपङ्कजे [2]वहति ॥ ३० ॥

---

[1] नम्रस्य च सर्वथा गम्यम् । [2] वसति ।

અનુવાદ - આ ચરણને કડક માણસ માપી ન શકે, માત્ર જે નમ્ર હોય (દીન હોય) તેને જ તે મળી શકે, આ માટે જ પ્રભુ ચરણકમલમાં ધનુષનું આ ચિહ્ન ધારણ કરે છે. ॥ ૩૦ ॥

कामक्रोधजविषया वारयितुं येन शक्यन्ते ।
वसतिस्तस्य हि चरणे स्यादिति धनुषा विबोधयति ॥ ३१ ॥

અનુવાદ - જે જીવ કામ-ક્રોધમાંથી ઉત્પન્ન થનારા વિષયોને નિવારવાને શક્તિમાન હોય, તેનો જ ચરણકમલમાં વાસ થાય, એવું આ ચરણ ધનુષથી સમજાવે છે. ॥ ૩૧ ॥

त्रिगुणस्वजनोद्धरणे शक्तत्वं स्वस्य बोधयति ।
चिह्नं वहत्त्रिकोणं चरणाम्भोजे स्वभक्तेभ्यः ॥ ३२ ॥

અનુવાદ - ચરણકમલમાં રહેલું ત્રિકોણનું ચિહ્ન પોતે ત્રિગુણથી ભરેલા એવા સ્વજનોનો પણ ઉદ્ધાર કરવાને શક્તિમાન છે, તેવો સ્વભક્તોને બોધ કરે છે ॥ ૩૨ ॥

त्रिष्वपि दृष्टेः समता देवमनुष्यासुरेष्वस्य ।
आश्रयमात्रमपेक्ष्यं त्विति त्रिकोणं निवेदयति ॥ ३३ ॥

અનુવાદ - પ્રભુને તો દેવ, મનુષ્ય અને અસુરોમાં-એ ત્રણેમાં એક સરખી નજર છે, માત્ર પ્રભુને તો આશ્રયની દરકાર છે, એવું આ ત્રિકોણ બતાવે છે. ॥ ૩૩ ॥

(આર્યા)
शिवशिरसः सम्बन्धं ख्यापयितुं स्वस्य सर्वदा चरणे ।
चिह्नं तदर्धचन्द्रं तन्मस्तकभूषणं वहति ॥ ३४ ॥

અનુવાદ - પ્રભુના પોતાના ચરણકમલમાં શિવજીના મસ્તકને નિત્ય સંબંધ રહેલો છે, તેવું જણાવવાને માટે શિવજીના મસ્તકના ભૂષણ-રૂપે રહેલા અર્ધચંદ્રના ચિહ્નને પ્રભુ ચરણમાં ધારે છે ॥ ૩૪ ॥

(ઉપગીતિ)
एवं निश्चलबुद्धेर्धारणतो मस्तके शिवता ।
भवतीति ज्ञापयति स्वयं वहन्नर्धचन्द्रार्कम् ॥ ३५ ॥

અનુવાદ - આ પ્રમાણે નિશ્ચલ બુદ્ધિવાળો મનુષ્ય પ્રભુપદને મસ્તક પર ધારણ કરે એટલે શિવપણું (કલ્યાણ) થાય, એવું પ્રભુ પોતે ચરણમાં અર્ધચંદ્ર ધારણ કરી બતાવે છે. ॥ ૩૫ ॥

सर्वाधारं सूक्ष्मं सर्वव्यापि स्वयं चैतत् ।
विज्ञापयति वहन्निह चिह्नं व्योमाभिधं चरणे ॥ ३६ ॥

અનુવાદ - આ ચરણકમલ સર્વના આધારરૂપ છે, સૂક્ષ્મ છે, છતાં સર્વવ્યાપી છે, એવું ચરણકમલમાં રહેલું આકાશનું ચિહ્ન ધારણ કરતા પ્રભુ આપણને બોધ કરે છે ॥ ૩૬ ॥

ऊर्ध्वगतीनां प्रभवति गतिराकाशे न चान्येषाम् ।
व्योम वहज्ज्ञापयति स्वीयगतिं तादृशीमेव ॥ ३७ ॥

અનુવાદ - જેમની ઊંચે જતી ગતિ હોય તેઓની જ ગતિ આકાશમાં થઇ શકે, બીજાની નહીં, પ્રભુ આકાશના ચિહ્ને ચરણમાં ધારણ કરીને પોતાની ગતિ પણ તેવી જ છે, એમ જણાવે છે. ॥ ૩૭ ॥

(વસંતતિલકા)
ये भावयन्ति सततं परिशीलयन्ति

ये वा स्मरन्ति बहुशोऽप्यथ कीर्तयन्ति ।
चिह्नानि गोकुलपतेश्चरणस्थितानि
तेषां भवेच्चरणपङ्कजमात्रभक्तिः ॥ ३८ ॥

અનુવાદ - જેઓ શ્રીગોકુલપતિના ચરણકમલમાં રહેલાં સોળ ચિહ્નોની ભાવના કરે છે, એનું પરિશીલન કરે છે, અથવા સ્મરણ કરે છે અને વારંવાર કીર્તન કરે છે, તેઓને પ્રભુનાં ચરણકમલમાં ભક્તિ થાય છે. ॥ ૩૮ ॥

(આર્યા)
इति हरिरायनिरूपितमभवत्पूर्णं पदाब्जयोः प्रकटम् ।
चिह्नानां वर्णनमिह, तेन हरिर्मे प्रसन्नोऽस्तु ॥ ३९ ॥

અનુવાદ - આ પ્રમાણે હરિરાયે કહેલું પ્રભુના ચરણકમલના ચિહ્નોનું પ્રકટ વર્ણન પૂર્ણ થયું, તેનાથી પ્રભુ મારા પર પ્રસન્ન થાવ. ॥ ૩૯ ॥

इति श्रीहरिदासोक्तं भगवच्चरणचिह्नवर्णनं सम्पूर्णम् ॥

* * *